# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## MANAV KALYAN YOJANA 2.O

રાજ્યના નાના ધંધા-રોજગાર કરતા કારીગરો માટે સરકારે પહેલી જુલાઈથી "માનવ કલ્યાણ યોજના 2.O" અમલમાં મૂકી છે. રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, હવે લાભાર્થીઓ પોતાના મનપસંદ સાધન-ઓજારની ખરીદી જાતે જ કરી શકે તે માટે ટૂલકિટના ઇ-વાઉચર અપાશે. લાભાર્થીઓ આ માટે ઈ-કુટીર પોર્ટલ પર અરજી કરી શકશે.

શ્રી રાજપૂતે કહ્યું, નવી યોજના અંતર્ગત લાભાર્થીઓને પાયાની કૌશલ્ય તાલીમનો પણ વિકલ્પ અપાશે. ગુજરાત  માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન, R.S.E.T.I. સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા પાંચ દિવસની કૌશલ્ય તાલીમ અપાશે. તાલીમ મેળવવા ઈચ્છુક લાભાર્થીઓને હાજરીના આધારે દૈનિક 500 રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ અપાશે.

આ ઉપરાંત લાભાર્થીઓ આ યોજના અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકારની પીએમ સ્વનિધિ યોજના, શ્રી વાજપેઈ બેન્કેબલ યોજના, દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના તથા અન્ય બેન્કેબલ યોજનાઓ હેઠળ ધિરાણ માટે અરજી પણ કરી  શકશે.

--------

## CHANDIPURA CASES

રાજ્યમાં ચાંદીપુરા વાઈરસ એટલે કે, એન્કેફેલાઈટીસના કુલ કેસની સંખ્યા 157 થઈ છે. સત્તાવાર યાદી પ્રમાણે, અત્યાર સુધીમાં સૌથી વધારે 16-16 કેસ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. જ્યારે 68 દર્દી મોત નીપજ્યા છે. રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના 20 દર્દી હાલમાં હૉસ્પિટલમાં દાખલ છે. જ્યારે 69 દર્દીઓને રજા આપવામાં આવી છે.

આરોગ્યની ટુકડી દ્વારા પોઝિટિવ અને શંકાસ્પદ દર્દીઓના ઘર અને આસપાસના વિસ્તારના ઘર મળી કુલ 52 હજાર 125 ઘરમાં દેખરેખની કામગીરી કરવામાં આવી છે.

------------------

## BOTAD VIJ CHORI

બોટાદ જિલ્લામાંથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCLએ 28 લાખ 43 હજાર રૂપિયાથી વધુની વીજ ચોરી પકડી છે. વીજ કંપનીએ 31 ટુકડી બનાવી જિલ્લાભરમાં 258 વીજજોડાણમાં તપાસ હાથ ધરતાં 82 વીજજોડાણમાં ચોરી થતી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે PGVCLના અધિક્ષક ઇજનેર કે. ડી. નિનામાએ માહિતી આપી હતી.

**(બાઈટ - કે. ડી. નિનામા - અધિક્ષક ઈજનેર - PGVCL બોટાદ)**

-------------------------------

# WEATHER

રાજ્યમાં આજથી 2 દિવસ કચ્છ, દેવભૂમિદ્વારકા, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં વરસાદનું જોર ફરી એક વાર ઘટ્યું છે. સત્તાવાર યાદી પ્રમાણે, આજે 45 તાલુકામાં વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે પોણા એક ઈંચ વરસાદ તાપીના નિઝર તાલુકામાં વરસ્યો છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, વરસાદને પગલે મોટા ભાગના ધોધ સક્રિય થતાં કુદરતી સૌંદર્યને નીહાળવા દૂરદૂરથી પ્રકૃતિપ્રેમીઓ અને પર્યટકો આવી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 76.19 ટકા વરસાદ નોંધાયો છે.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, આજે સવારે 8 વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના વઘઇ તાલુકાનો આહેરડી-બોરદહાડ રોડ, માછળી-ચિખલા-દિવડ્યાવન રોડ-એક અને બે તેમ જ ઘોડવહળ વી. એ. રોડ તેમ જ ક્યાંક કોઝ-વે ઑવર ટોપિંગ થવાથી તો ક્યાંક સ્લેબ ડ્રેઈન ઑવર ટોપિંગ થવાને કારણે અવરોધાયા છે.

--------

## RAJKOT TRAIN CANCELED

રાજકોટ વિભાગમાંથી પસાર થતી ચાર ટ્રેન રદ કરવાનો રેલવે તંત્રએ નિર્ણય કર્યો છે. રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, નાગપુર વિભાગમાં સમારકામની કામગીરીના કારણે 10 અને 17 ઑગસ્ટે ઓખાથી ઉપડનારી ઓખા—બિલાસપુર સાપ્તાહિક એક્સપ્રેસ, 12 અને 19 ઑગસ્ટે બિલાસપુરથી ઉપડનારી બિલાસપુર—ઓખા એક્સપ્રેસ, 18 ઑગસ્ટે ઓખાથી ઉપડનારી ઓખા—શાલીમાર સાપ્તાહિક એક્સપ્રેસ અને 20 ઑગસ્ટે શાલિમારથી ઉપડનારી શાલિમાર—ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.

ઉપરાંત 10 અને 11 ઑગસ્ટે હાવડાથી ઉપડનારી હાવડા-અમદાવાદ એક્સપ્રેસ, 13 અને 14 ઑગસ્ટે અમદાવાદથી ઉપડનારી અમદાવાદ-હાવડા, એક્સપ્રેસ 16 ઑગસ્ટે ગાંધીધામથી ઉપડનારી ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ, 19 ઑગસ્ટે પુરીથી ઉપડનારી પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ, 14 ઑગસ્ટે ગાંધીધામથી ઉપડનારી ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ, અને 17 ઑગસ્ટે પુરીથી ઉપડનારી પુરી-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.

. . . . . . . . . . . . . . . .

## BHARUCH DRUGS

ભરૂચના દહેજના જેલવાસમાંથી એક ખાનગી કપનીમાં એટીએસ અને ભરૂચ એસઓજીની સંયુક્ત ટીમે તપાસ કરી હતી.

જિલ્લાના  અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, દરોડા દરમ્યાન કરોડો રૂપિયાનો શંકાસ્પદ માદક પદાર્થ જપત્ કરાયો છે. આ શંકાસ્પદ માદક પદાર્થ એમડી ડ્રગ્સનું રો-મટીરીયલ્સ હોય તેવી આશંકા છે. અગાઉ પણ પાનોલી ખાતે આવો જથ્થો પડકાયો હતો. જપ્ત કરાયેલા આ શંકાસ્પદ જથ્થાને **FSL**ની તપાસ માટે મોકલી આપવામાં આવ્યું છે. જેનો  રિપોર્ટ આવ્યા બાદ કંપની પર મોટી કાર્યવાહી થાય તેવી શક્યતા છે.

............................................

# ARVALLI SPORTS

અરવલ્લી જિલ્લામાં તાલુકા અને જિલ્લા કક્ષાની શાળાકીય રમતગમત સ્પર્ધાનો આરંભ થયો છે.

જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા, સ્પોર્ટસ  ઓથોરીટી ઓફ ગુજરાત અને અરવલ્લી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા શળાકીય સ્પર્ધામાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કબડ્ડી, ખોખો, હેન્ડબોલ,

બાસ્કેટબોલ, ગોળાફેંક, વોલિબોલ મળીને કુલ 45 રમતો માટે સ્પર્ધા યોજાઇ છે.

-------